# શ્રી અને શ્રીમતી પી. કે. કોટવાલા આર્ટ્સ કોલેજ, પાટણ

## B.A. (Hons.) Sem-VII પ્રવેશ ફી (૨૦૨૬-૨૭) ભરવા અંગેની સૂચના

**તારીખ: 11/07/2026**

**બી. એ. (ઓનર્સ) Sem - VII**ની પ્રવેશ ફી ભરવા માટે કોલેજની વેબસાઈટ (**www.patanarts.org**) પર જઈને **એનરોલ્મેન્ટ નંબર અથવા મોબાઈલ નંબર** તથા **જન્મ તારીખ** એન્ટર કરી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ફી ભરીને ફોર્મ ભરવાનું રહેશે. વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ તથા પ્રવેશ ફોર્મ ફીની પ્રિન્ટ તથા B.A. Sem-I થી VI ની તમામ માર્કશીટની નકલ અને ઓરીજીનલ સાથે **કોલેજમાં રૂબરૂ આવીને ફી ભરવાની રહેશે.**

| | |
|---|---|
| **તારીખ** | **13/07/2026 થી 22/07/2026** |
| **સમય** | **સવારે 08:30 થી બપોરે 12:30** |

## Fees Structure

| પ્રવેશ પ્રકાર (Admission Type) | Boys | Girls |
|---|---|---|
| With Research | 3880/- | 3300/- |
| Without Research | 2880/- | 2300/- |
| Without Research (SF) Sociology | 3920/- | 3940/- |

## B.A. Sem-VII (B.A. Hons.) માં પ્રવેશ માટેના નિયમો

### B.A. (Hons.) with Research:

- જે વિદ્યાર્થીઓએ B.A. Sem-૬ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હોય અને કોઈપણ સેમેસ્ટરમાં ATKT બાકી ન હોય તેવા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.
- B.A. Sem-V અને VI ની સરેરાશ ટકાવારી ૭૫% કે તેથી વધુ હોવી જોઈએ.
- નીચેના વિષયોમાં Ph.D. માર્ગદર્શકની માન્યતા ધરાવતા અધ્યાપકની ઉપલબ્ધતા મુજબ જ પ્રવેશ મળશે. ઉપલબ્ધ બેઠકોના આધારે મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

**અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, ઈતિહાસ, અર્થશાસ્ત્ર**

### B.A. (Hons.) without Research:

- જે વિદ્યાર્થીઓએ B.A. Sem-૬ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હોય અને કોઈપણ સેમેસ્ટરમાં ATKT બાકી ન હોય તેવા વિદ્યાર્થીઓ પહેલા તે વહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

**અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, ઈતિહાસ, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર**

- **અન્ય કોલેજના વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે કોલેજમાં રૂબરૂ મળવું.**

**- આચાર્યશ્રી**

# ફોર્મ ભરવા અને પ્રવેશ મેળવવા માટેની સૂચનાઓ અને સ્ટેપ્સ

૧. સૌપ્રથમ કોલેજની વેબસાઈટ ( www.patanarts.org) પર જઈને B.A. (Hons.) Sem-VII ના પ્રવેશ માટેના બટન પર ક્લિક કરીને એનરોલ્મેન્ટ નંબર / મોબાઈલ નંબર તથા જન્મતારીખ એન્ટર કરીને લોગીન કરવું.

૨. પ્રવેશ ફોર્મ ફી ભરીને ફોર્મ અપડેટ કરવું.

- જેમાં **બી.એ. સેમ.- V અને VI** ના ટોટલ અને મેળવેલ માર્ક્સ એન્ટર કરવા. (ખોટા માર્ક્સ એન્ટર કરશો તો વેરીફીકેશન વખતે ફોર્મ રીજેક્ટ કરવામાં આવશે.)
- **B.A. (Hons.) Option** માં B.A. (Hons.) with Research અથવા B.A. (Hons.) without Research માંથી તમારે જે પસંદ કરવું હોય એ પસંદ કરવું.

૩. ઓનલાઈન ફોર્મમાં જરૂરી અને ફરજીયાત હોય તે બધી જ વિગતો સાચી ભરવી અને ફાઈનલ સબમિટ કરીને ફોર્મની અને ફોર્મ ફીની પ્રિન્ટ લેવી.

૪. સૂચનામાં જણાવેલ તારીખ અને સમય પ્રમાણે કોલેજમાં રૂબરૂ આવી ફોર્મ તથા માર્કશીટોનું વેરીફીકેશન કરાવવું.

૫. વેરીફાઈ કરેલા ફોર્મ અને જરૂરી ડોક્યુમેન્ટ્સની નકલો સાથે ફી ભરવાની બારીમાં જઈને લાગું પડતા વિકલ્પમાં સૂચનામાં જણાવેલ કેશ (રોકડા) ફી ભરવી.

૬. શૈક્ષણિક કાર્ય અને વર્ગ માટે કોલેજની વેબસાઈટ જોતા રહેવી.

૭. જે વિદ્યાર્થીઓએ B.A. (Hons.) with Research માં પ્રવેશ મેળવ્યો હોય તેઓએ પ્રવેશ મેળવ્યા બાદ વિષય અધ્યક્ષનો સંપર્ક કરવો.